# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-01-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) રાજ્યપાલે બનાસકાંઠાના ભૂખલામાં દૈનિક ૧૦૦ મેટ્રિક ટન કચરાને પ્રોસેસ કરવાની ક્ષમતાવાળા બનાસ સુઝુકી બાયોગેસ પ્લાન્ટ'નું લોકાર્પણ કર્યું.
2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં મહિલા સશક્તિકરણના અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપ્યા.
3) અમદાવાદમાં ધરતીરત્ન એવોર્ડ એનાયત કરતાં મુખ્યમંત્રીએ સમાજના કલ્યાણ માટે કાર્ય કરવા આહ્વાન કર્યું
4) નાયબ મુખ્યમંત્રી વિશ્વ આર્થિક મંચ -૨૦૨૬માં સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વિકસિત ગુજરાત'નો રોડમેપ રજૂ કરશે
5) ન્યુઝિલેંડ સામેની ઇન્દોર ખાતે રમાઇ રહેલી ત્રીજી એકદિવસીયમાં ભારતને જીતવા 338 રનનું લક્ષ્યાંક.

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BANAS SUZUKI BIOGAS

બનાસકાંઠાના વડગામ તાલુકાના ભૂખલા ખાતે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં બનાસ સુઝુકી બાયોગેસ પ્લાન્ટ'નું લોકાર્પણ કર્યું હતું..આ પ્લાન્ટ દૈનિક ૧૦૦ મેટ્રિક ટન કચરાને પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે.આ પ્રોજેક્ટમાં બાયોગેસ પ્લાન્ટની સાથે બાયો- CNG ફિલિંગ સ્ટેશન અને બાયો-ફર્ટિલાઈઝર પ્લાન્ટને કારણે પર્યાવરણની જાળવણી પણ થશે તેમ રાજ્યપાલે જણાવ્યું હતું.

(બાઇટ – આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

આ પ્લાન્ટ દ્વારા પશુપાલકોને તેમના પશુઓના છાણનું યોગ્ય મૂલ્ય મળશે અને ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળું જૈવિક ખાતર ઉપલબ્ધ થશે.જેને કારણે પશુપાલકોને ફાયદો થશે તેમ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું.

(બાઇટ- શંકર ચૌધરી)

આ પ્રસંગે ઉપસ્થિત કૃષિમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું કે,
આ પ્લાન્ટ  આત્મનિર્ભર ભારત અને પ્રાકૃતિક ખેતીની દિશામાં એક મહત્વનું કદમ સાબિત થશે. બનાસકાંઠા હવે દૂધની સાથે સાથે ઉર્જા ક્ષેત્રે પણ દેશને નવી રાહ ચીંધશે.

. . .

# CM SEFL HELP GROUP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં મહિલા સશક્તિકરણના આ અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્સટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપ્યા છે.

નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન તથા નેશન અર્બન લાઈવલી હુડ મિશનમાં નોંધાયેલા કે અન્ય સ્વૈચ્છિક સ્વ સહાય જુથ જેમાં આજીવિકાના સમાન હેતુથી જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ  મળી શકશે.

રાજ્યમાં મ્યુનિસીપલ એરીયાની હદમાં આવતા હોય તેવા ગારમેન્ટ , એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચીંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય એક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટીંગ ટેક્ષટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવિટીવાળા એકમોને પણ આ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ની સહાયનો લાભ અપાશે.આ નિર્ણયને કારણે કુશળ/અર્ધકુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે રોજગારની તકો વધશે.

. . . . .

# CM DHARTI RATAN AWARD

અમદાવાદ ખાતે આશીર્વાદ ફાઇન્ડેશનના ઉપક્રમે આજે યોજાયેલી ધરતી રત્ન એવોર્ડ એનાયત સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે એવોર્ડ એનાયત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે આજના સમયમાં સ્વકેન્દ્રી વિચારણ સરણી છે. ત્યારે આ વિચાર સરણીના સ્થાને સમાજ સેવાને કેન્દ્ર સાથે રાખીને વિચાર કરવાની આશ્યકતા છે. ધરતી રત્ન એવોર્ડ મેળવનારા લોકોની સેવાક્રિય પ્રવૃત્તિઓને મુખ્યંત્રીએ બિરાદાવી હતી.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

# DY CM WORLD FORUM

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ આજે રાત્રે સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' ૨૦૨૬માં ભાગ લેવા જશે.

ગુજરાતને વૈશ્વિક વિકાસના નકશા પર અગ્રેસર રાખવા અને 'વિકસિત ગુજરાત @2047'ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે આ ફોરમમાં રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે. ૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ મહત્વપૂર્ણ વાર્ષિક બેઠકમાં શ્રી સંઘવી વિવિધ બેઠકોમાં ભાગ લેશે.

ગુજરાતમાં રોજગારી અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તેઓ એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ , ટેક્સટાઈલ, સેમિકન્ડક્ટર, ફાર્માસ્યુટિકલ્સ, રિન્યુએબલ એનર્જી, ફૂડ પ્રોસેસિંગ , કેમિકલ્સ, શિપિંગ-લોજિસ્ટિક્સ અને એરોસ્પેસ જેવા મહત્વના ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા માટે વિશ્વના ટોચના ઉદ્યોગપતિઓ અને નેતાઓ સાથે ૫૮ ( 58) જેટલી હાઈ-લેવલ 'વન-ટુ-વન' બેઠકો યોજશે. રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ આ મુલાકાત દરમિયાન વિશ્વની નામાંકિત કંપનીઓના વડાઓ સાથે રૂબરૂ ચર્ચા કરશે.

. . . . . .

# STATUE OF UNITY HIMACHAL DELIGATION

હિમાચલ પ્રદેશ વિધાનસભાની વેલ્ફેર કમિટીના સભ્યો તથા અધિકારીઓએ ગુજરાતના બે દિવસીય અભ્યાસ પ્રવાસ અંતર્ગત આજે નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.

હિમાચલ પ્રદેશ વિધાનસભાની વેલ્ફેર કમિટીના અધ્યક્ષ મોહનલાલ બ્રાકટાની આગેવાની હેઠળ યોજાયેલી આ મુલાકાતમાં પ્રતિનિધિમંડળે સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત આસપાસના વિવિધ વિકાસાત્મક પ્રોજેક્ટો તથા પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા તરીકે ઓળખાતી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને કમિટીના અધ્યક્ષ તથા સભ્યોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ દરમિયાન પ્રતિનિધિમંડળે સરદાર પટેલ યુનિટી મ્યુઝિયમ નિહાળી સરદાર સાહેબના જીવન, કાર્ય અને એકતાના સંદેશા અંગે વિસ્તૃત માહિતી મેળવી પ્રશંસા વ્યક્ત કરી હતી. સાથે જ જંગલ સફારી પાર્કની પણ મુલાકાત લીધી હતી.સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત નોંધપોથીમાં કમિટીના અધ્યક્ષ મોહનલાલ બ્રાકટાએ નોંધ્યું હતું કે , "સરદાર સાહેબના જીવન અને તેમની વિચારધારાથી એકતાનો ભાવ સમજવાનો આ પ્રવાસ અદ્ભૂત અને પ્રેરણાદાયક રહ્યો છે.

. . . .

# VALSAD HELPLINE

વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગે ધોરણ 10 અને 12ના બોર્ડના વિદ્યાર્થીઓ માટે 'આત્મવિશ્વાસ હેલ્પલાઇન' શરૂ કરી છે. ફેબ્રુઆરી-માર્ચ 2026માં યોજાનારી પરીક્ષાઓ પૂર્વે વિદ્યાર્થીઓમાં જોવા મળતા તણાવ , ભય અને ચિંતા દૂર કરવાનો આ પહેલનો મુખ્ય હેતુ છે.

આ હેલ્પલાઇન અંતર્ગત વલસાડ સિવિલ હોસ્પિટલના ડૉ. વિરેન્દ્ર સોલંકી દ્વારા માનસિક સલાહ અને કાઉન્સેલિંગ આપવામાં આવશે. આ ઉપરાંત , ધોરણ 10 અને 12 સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહના કુલ 56 વિષયોના અનુભવી શિક્ષકો દ્વારા વિષયવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

બોર્ડની પરીક્ષાઓ નજીક આવતા વિદ્યાર્થીઓમાં ડર અને માનસિક તણાવ સામાન્ય રીતે જોવા મળે છે. આ પરીક્ષાનો હાઉ દૂર કરવા અને તેમને વિષયવાર માર્ગદર્શન આપવા માટે વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આ વિશેષ પહેલ કરવામાં આવી છે.

. . . .

# RAILWAY RESTORE

કચ્છના કિડીયાનગર સ્ટેશન પર આજે સવારે ડાઉન લાઇનમાં જતી માલગાડીના બે વેગન પાટા પરથી ઉતરી જવાથી અપ અને ડાઉન બંને લાઇન પર રેલ વ્યવહાર પ્રભાવિત થયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

સવારે આઠ વાગીને પાંચ મિનિટે અપ અને ડાઉન બંને લાઇન પર સામાન્ય રેલ પરિચાલન પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ રાહત ટ્રેન સ્થળ પર રવાના કરવામાં આવી હતી અને મંડળ રેલ પ્રબંધક પોતાના વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્થળ પર પહોંચ્યા હતા.

. . . . . . . . . . . . .

# BHARUCH-VIYAR-BEREGE

ભરૂચના હાંસોટમાં આવેલી કિમ ખાડી અને વંદ ખાડી પર ૨૨૭ કરોડ રૂપિયાના ખર્ચે બે વિયર બેરેજના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.

રાજ્યના જળ સંપતિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા આ પ્રોજેક્ટ અંગે રજૂઆત કરવામાં આવી હતી , જેને રાજ્ય સરકારે સ્વીકારી છે. કિમ ખાડી પર નિર્માણ પામનારા વિયર બેરેજ સાથે ક્રોઝવે પણ બનાવવામાં આવશે , જેના કારણે હાંસોટ તાલુકાના ઇલાવ વિસ્તાર અને સુરત જિલ્લાના કદરામા વિસ્તાર વચ્ચે વાહન વ્યવહાર માટે સીધી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

વિયર બેરેજના નિર્માણથી દરિયાઈ ખારું પાણી ખાડી તથા ખેતીયોગ્ય જમીનમાં પ્રવેશતુ અટકશે. ઉપરાંત બે જિલ્લાઓ વચ્ચે વાહન વ્યવહાર વધુ સુગમ બનતા સ્થાનિક લોકોને પણ મોટો લાભ મળશે.

. . . .

# BHARUCH VIKAS KARYO LOKARPAN

ભરૂચ નગર સેવાસદનના વોર્ડ નંબર એકમાં સ્થાનિક નગર સેવકોની ગ્રાન્ટમાંથી નિર્માણ પામેલ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા છ લાખના ખર્ચે લગાવાયેલા બ્લોક અંગે તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો

જ્યારે ભરૂચની ભોલાવ પંચાયત વિસ્તારમાં ગટર અને માર્ગ સહિત કુલ 95 લાખ રૂપિયાના વિકાસકામોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે યોજાયો હતો.

. . . . . .

# CRICKET - INDIA VS NEW ZEALAND

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે ત્રણ મેચોની શ્રેણીની અંતિમ એકદિવસીય મેચમાં ન્યૂઝિલેન્ડે ભારતને જીતવા માટે 338 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

ઈન્દોરમા રમાઈ રહેલી આ મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝિલેન્ડની ટીમે 50 ઓવરમાં આઠ વિકેટે 337 રન બનાવ્યા હતા.

યજમાન ભારતે 338 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં છેલ્લા મળેલા અહેવાલ મુજબ ભારતે 15 ઓવરમાં 4 વિકેટ 82 રન બનાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે , હાલની એકદિવસીય શ્રેણી 1-1થી બરાબર છે , જેમાં ભારતે પહેલી મેચ જીતી હતી અને ન્યૂઝીલેન્ડે બીજી મેચ જીતી હતી.

. . . .

# SURAT- DEVANSHI-SWIMMING

સુરતની ૧૬ વર્ષની સ્વિમિંગ ચેમ્પિયન દેવાંશી રાણાએ તરણ સ્પર્ધામાં જીતની હેટ્રિક લગાવી. દુબઈમાં યોજાયેલી 'અંડર-૧૬ એશિયન યુથ પેરા ગેમ્સ-૨૦૨૫'માં સ્વિમિંગની ૩ સ્પર્ધા- ૧૦૦ મીટર બેક સ્ટ્રોક , ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૫૦ મીટર ફ્રી સ્ટાઇલમાં ગોલ્ડ , સિલ્વર અને બ્રોન્ઝ મેળવી જીતની હેટ્રિક લગાવી છે.

આ કેટેગરીમાં સ્વિમિંગ માટે દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક મેળવનારી દેવાંશી એક માત્ર સ્પર્ધક હતી. દેવાંશીને ગત વર્ષે ગુજરાત સ્થાપના દિવસે રાજ્યના મુખ્યમંત્રી તેમજ રાજ્યપાલના હસ્તે 'ગુજરાત ગરિમા ' અવોર્ડ મળ્યો હતો.

. . . . . . . . .